



મતદાન પહેલા મતદાન - ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી વિષયક ફરજો માટે ૧૫ હજાર જેટલા કર્મચારીઓને પસંદગી કરવામાં આવી છે ત્યારે આ કર્મચારીઓને તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તાલીમ અપાયા બાદ પોસ્ટલ મતદાન કરાવવામાં આવ્યું હતું. આજે ગાંધીનગર દક્ષિણ બેઠકના કર્મચારીઓ માટે તાલીમ હતી અને આ કર્મચારીઓએ આજે મતદાન કરી પોતાનો મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગાંધીનગર દક્ષિણ એ અમદાવાદ પૂર્વની લોકસભા બેઠક સાથે જોડાયેલ છે. (તસવીર : દિપક જાની)

# બે અપક્ષ ઉમેદવારોને નોટીસ

## કોંગ્રેસનો ખર્ચ સૌથી વધુ ૧૭ લાખ જેટલો તો ભાજપના અડવાણીનો ખર્ચ ૧૦ લાખ રૂ. જેટલો થયો છે : આમ આદમીનો ખર્ચ સવા બે લાખ પર પહોંચ્યો; બાકીના ઉમેદવારોનો ખર્ચ ઘણો ઓછો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સંસદીય મતવિસ્તારના બે અપક્ષ ઉમેદવારો દ્વારા આજે તેમનો દ્વિતીય હિસાબ રજુ ન કરતાં જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. પી. સ્વરૂપે તેમને નોટીસ ફટકારી છે.

૩૦મી એપ્રિલે યોજાનાર ચૂંટણી પહેલાં ત્રણ તબક્કામાં ઉમેદવારોએ હિસાબ રજુ કરવાના રહેતા હોય છે. આજે દ્વિતીય તબક્કાના હિસાબો રજુ કરવાના હતા. હિસાબો રજુ કરવા માટે હાજર નહિ રહેલા બે અપક્ષ ઉમેદવારો શ્રી ખોડાભાઈ દેસાઈ અને શ્રી મુકેશ શાહને આજે ચૂંટણી અધિકારીએ નોટીસ ફટકારી છે.

આ બંને ઉમેદવારોને લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ-૭૭ અન્વયે નોટીસો આપવામાં આવી છે તેમજ સાંજે ચૂંટણી અધિકારીશ્રીના નોટીસ બોર્ડ પર પણ ચીપકાવી દેવામાં આવી હતી.

દરમિયાન ગત વખતે અર્થાત પ્રથમ તબક્કાના હિસાબોમાં વિસંગતતા જણાતાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને નોટીસ અપાઈ હતી. આ બંને ઉમેદવારો દ્વારા જરુરી ખુલાસા રજુ કરવામાં આવ્યા છે. જે અંગે હવે ખર્ચ નિરીક્ષક પુરી ચકાસણી કર્યા બાદ આખરી નિર્ણય એકાદ દિવસમાં લેશે તેમ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે રજુ થયેલા હિસાબો મુજબ અત્યાર

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૭માં નિકાલ હેઠળના ૨૭ બ્લોક તોડી પાડવામાં આવશે

## ડિઝાઈન સર્કલ વિભાગનો અભિપ્રાય મેળવવા દરખાસ્ત

ગાંધીનગર, તા. ૨૨

સે. ૭માં નિકાલ હેઠળના ૨૭ બ્લોક તોડી પાડવા તંત્ર દ્વારા ડિઝાઈન સર્કલને દરખાસ્ત મોકલી દેવાઈ છે. ડિવીઝન કક્ષાએથી અભિપ્રાય મેળવી લીધા બાદ આ મકાનોનો નિકાલ કરવા આગળની ગતિવિધિ હાથ ધરાશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનોને અનુલક્ષી તંત્ર દ્વારા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યું છે. અગાઉ સે. ૭ અને ૧૩માં ભયજનક મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. શહેરમાં નિકાલ હેઠળના અગાઉ મર્જ થયેલા ૧૯૦૪ મકાનો પૈકી મોટાભાગના મકાનો વર્ષોના અંતે પણ યથાવત સ્થિતિમાં છે. ખંડેર ભાષતા આ મકાનોમાં શ્રમજીવીઓએ અડ્ડો જમાવ્યો હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા આ મકાનો સીલ કરી દેવાયા હતા. શહેરમાં સે. ૭, ૧૩ અને ૩૦માં નિકાલ હેઠળના મકાનોની સંખ્યા વિશેષ છે ત્યારે આ મકાનો તબક્કાવાર તોડી પાડવા તંત્ર દ્વારા દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી છે. સે. ૭માં પણ 'જ' કક્ષાના ૨૭ જેટલા બ્લોક તોડી પાડવાના મામલે તંત્ર દ્વારા ડિઝાઈન સર્કલ વિભાગનો અભિપ્રાય મેળવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જેનો યોગ્ય અભ્યાસ બાદ તંત્ર દ્વારા નિકાલ હેઠળના આવાસો તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરાશે.

# જિલ્લાના સુરક્ષા કર્મીઓ ૨૪-૨૫મીએ મતદાન કરશે

## બે ખાસ મતદાન મથકો ઉભા કરાશે જ્યાં આ કર્મચારીઓ પોતાનુ મતદાન કરશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના સુરક્ષા કર્મીઓ માટે આગામી ૨૪ અને ૨૫ એપ્રિલના રોજ બે ખાસ ઉભા કરાયેલા મતદાન કેન્દ્રો પર મતદાન યોજવામાં આવશે. આ માટેની તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

પાંચ હજાર જેટલા પોલીસ, એસ.આર.પી., પોલીસ એકેડેમી કરાઈ, ગ્રામરક્ષક દળ, હોમગાર્ડઝ સહિતના કર્મચારીઓના આ બે દિવસ માટે મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપીયોગ કરશે.

પંડિત દિનદયાલ મોજણી ભવન ખાતે હોમગાર્ડઝ, ગ્રામરક્ષક દળના જવાનો માટે મતદાન કેન્દ્ર બનાવવામાં આવશે જ્યારે પોલીસ તેમજ એસ.આર.પી. સહિતના જવાનો માટે પોલીસ હેડક્વાર્ટર સે. ૨૭ ખાતે મતદાન કેન્દ્ર ઉભુ કરવામાં આવશે.

જિલ્લાની પાંચેય વિધાનસભા વિસ્તારોના પોલીસ કર્મીઓ તેમજ અન્ય જવાનો દ્વારા આ મતદાનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લામાં હાલ ચૂંટણીની ફરજો સોંપવામાં આવી છે. તેવા પોલીંગ સ્ટાફના કર્મચારીઓ દ્વારા પોષ્ટલ બેલેટની મદદથી મતદાની પ્રક્રિયા ચાલુ છે. આજે ગાંધીનગર (દ) બેઠકના મતદાન મથકોના કર્મચારીઓએ તાલિમ બાદ ટાઉનહોલ ખાતે મતદાન કર્યું હતું. ગાંધીનગર (દ) વિધાનસભા મતવિસ્તાર અમદાવાદ પૂર્વમાં

● અનુસંધાન પાન-૭ પર

# સ્વર્ણિમ પાર્કમાં વોટરબોડી બનાવવા માટે ખોદકામ શરૂ

## એન્ટ્રન્સ અને પોકેટ પ્લાઝા ઉપરાંત કમ્પાઉન્ડ વોલ તૈયાર કરવાનું કામ પૂર જોશમાં

ગાંધીનગર, તા.૨૨

સ્વર્ણિમ પાર્કની યોજના અન્વયે ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલ, વિવિધ પ્લાઝા તેમજ વોટરબોડી નિર્માણ કરવાનું કામ શરુ કરી દેવાયું છે. કમ્પાઉન્ડ વોલની સમાંતર બોગનવેલનું પ્લાન્ટેશન પણ કરવામાં આવી રહ્યું છે.

સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કાની કામગીરી અન્વયે પ્રથમ બંને રસ્તાઓ અને બગીચો તોડી પાડવામાં આવ્યા બાદ પાણી તેમજ ગટર લાઈન સહીતની પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જયારે હાલ સ્વર્ણિમ પાર્કના આયોજન મુજબ વિવિધ ૬ એન્ટ્રન્સ પ્લાઝા તેમજ ૧૪ પોકેટ પ્લાઝા બનાવવા પ્રાથમિક કામગીરી ચાલી રહી છે. પોકેટ પ્લાઝામાં સહેલાણીઓને બેસવા માટે સીટીંગ અમ્બ્રેલા મુકવામાં આવશે. આ ઉપરાંત હાલ આ યોજનાને અનુલક્ષી વોટર બોડી નિર્માણ કરવા પણ કામ શરુ કરી દેવાયું છે. ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં પાર્કને અનુલક્ષી કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવી રહી છે જયારે કમ્પાઉન્ડ વોલને સમાંતર બોગનવેલનું રોપણ પણ કરવામાં આવ્યું છે. વોટરબોડીને અનુલક્ષી હાલ જરુરી ખોદકામ શરુ કરી દેવાયું છે. શહેરના મુખ્ય વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની યોજનાનું કામ પૂરજોશમાં ચાલતા આ વિસ્તારમાં ટ્રાફિક મેનેજ કરવાનું અઘરું બન્યું છે. ટ્રાફિકની વકરતી સમસ્યાને કાબુમાં લેવા તંત્ર દ્વારા હાલ સર્કલ નજીકના વિસ્તારમાં આઈલેન્ડ બનાવવવાનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે.

# જાણીતા સાહિત્યકાર રાઘવજી માધડની વાર્તાને 'શ્રેષ્ઠ વાર્તા એવૉર્ડ'

## રાજ્યમાંથી આવેલ ૧૩૭ વાર્તામાંથી રાઘવજી લિખિત 'ભડકો' વાર્તા પસંદગી પામી

ગાંધીનગર, તા. ૨૨

નગરના જાણીતા સાહિત્યકાર રાઘવજી માધડને નર્મદ સાહિત્યસભા દ્વારા શ્રેષ્ઠ વાર્તાકાર તરીકે પસંદ કરી ૨૫,૦૦૦નો પુરસ્કાર આપી સન્માનિત કરશે.



નર્મદ સાહિત્ય સભા દ્વારા કેતન મુનશી વાર્તા સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં કુલ ૧૩૭ વાર્તાઓ આવી હતી. જેમાં રાઘવજી માધડની 'ભડકો' વાર્તાને શ્રેષ્ઠ વાર્તા તરીકે પસંદગી કરવામાં આવી છે. શ્રી માધડની વાર્તા પંસદ થવાથી નર્મદ સાહિત્ય સભા દ્વારા રૂ. ૨૫,૦૦૦નો પુરસ્કાર આપી સન્માનિત કરશે.

ગાંધીનગરના સેક્ટર-૭માં વસતા રાઘવજી માધડ એક સાહિત્ય સર્જક છે. મુલ્ય શિક્ષણ વિષય પર પીએચ.ડી. કરી છે. અને હાલમાં સરકારના શિક્ષણ વિભાગ સાથે જોડાયેલા છે. રાઘવજી માધડે નવલકથા, લોકકથા, વાર્તા અને નાટક સહિત ૨૭ પુસ્તકો પ્રકાશિત કર્યા છે. રાઘવજીભાઈને અનેક સંસ્થાઓ દ્વારા સાહિત્ય સર્જનના કારણે સન્માનિત કર્યા છે.

સાહિત્ય પર આગવી ઓળખ ધરાવનાર રાઘવજીભાઈએ અગાઉ ૬ એવોર્ડ મેળવ્યા છે. છેલ્લા ત્રીસ વર્ષથી ગુજરાતના અગ્રણી અખબાર ફુલછાબ, સંદેશ, ગાંધીનગર સમાચાર સાથે ઘરોબો ધરાવે છે. અને હાલમાં દિવ્ય ભાસ્કરના કોલમીસ્ટ છે.




વાત-વાતમાં વિવાદ - ગાંધીનગરના ચિલોડા ખાતે લોકસભા મતવિસ્તાર ચૂંટણીના સંદર્ભે ખાનગી ન્યૂઝ ચેનલ દ્વારા આયોજીત 'જનતા દરબાર' યોજાયો હતો. ભાજપા વતી પૂર્વ સાંસદ ભાવનાબેન દવે અને કોંગ્રેસ વતી પૂર્વ ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડાએ પોત-પોતાના પક્ષની નીતિ-રિતી અને ચૂંટણી ઢંઢેરાની વાતો કરી હતી. અરસ-પરસ પ્રશ્નો પૂછી એકબીજાને ગૂંચવવાનો પ્રયાસ થતો હતો ત્યાં જ વાત-વાતમાંથી વિવાદ ઉગ્ર બનતા હંગામો મચી ગયો હતો. સામસામે ઉગ્ર બોલાચાલી ટોળામાં પરિણમી હતી અને એક તબક્કે પોલીસ બોલાવવાની જરૂરિયાત સર્જાઈ હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ભાજપ યુવા મોરચા દ્વારા શહેરમાં બાઈકરેલી યોજાશે

## આજે સે. ૨૯માં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૨

લોકસભાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષોમાં પ્રચાર ઝૂંબેશ પરાકાષ્ટાએ પહોંચી છે. ગાંધીનગરની બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતા ચૂંટણી લડી રહ્યા હોવાથી શહેરમાં ડોર ટુ ડોર પ્રચારમાં પણ ગરમાવો જોવા મળે છે. ભાજપ દ્વારા આજે સે. ૨૮માં પ્રચાર ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સપ્તાહના અંત સુધીમાં યુવા મોરચા દ્વારા શહેરમાં બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવશે.

લોકસભાની ચૂંટણીને અનુલક્ષી મતદાનના દિવસને આડે હવે માત્ર અઠવાડીયુ જ આડુ રહ્યું છે ત્યારે ગાંધીનગરની હાઈપ્રોફાઈલ બેઠક માટે રાજકીય પક્ષોએ પ્રચાર પડધમ તેજ બનાવી દીધી છે. ભાજપ અને કોંગ્રેસ સહીત આમ આદમી પાર્ટી દ્વારા પણ મતદારોને પોતાની તરફ કરવા સેક્ટરોમાં સતત પ્રચાર માટે ડોર ટુ ડોર સંપર્ક કરવામાં આવી રહ્યો છે. ભાજપ દ્વારા આજે સે. ૨૮માં પ્રચાર ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જ્યારે આવતીકાલે બાકી રહેતા સે. ૨૯ અને ૩૦માં પ્રચાર કામગીરી પૂર્ણ કરી દેવાશે. ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ ઉપરાંત આગામી દિવસોમાં ભાજપ યુવા મોરચા દ્વારા શહેરમાં બાઈકરેલીનું આયોજન કરવામાં આવશે. અંતિમ તબક્કાની પ્રચાર ઝુંબેશમાં મતદારોને આકર્ષવાની ગતિવિધિઓ તેજ બનાવી દેવાશે.

# ઘ-૩ સર્કલે પાણીપુરી ખાધા બાદ ફૂડ પોઈઝનીંગ

## પાણીપુરી આરોગ્યા બાદ પરિવારના સાતેય સભ્યોને ઝાડા-ઉલ્ટી થઈ ગયા : પાંચ વર્ષના બે બાળકો સહિત સાતેય ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ : ત્રણની હાલત ગંભીર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક આવેલા મોટી આદરજ ગામના આખુ પરીવાર બહારગામ જવા માટે ગાંધીનગર એસ.ટી. ડેપો આવ્યું હતું. ઘ-૩ સર્કલ પાસે એક પાણીપુરીના ખુમચામાં પકોડી આરોગ્યા બાદ એક જ પરિવારના પાંચ-પાંચ વર્ષના બે બાળકો સહિત સાત જણાને ફૂડ પોઈઝનીંગની અસર થઈ જતા ઝાડા-ઉલ્ટી થવા લાગી હતી. તાત્કાલિક તે તમામને મોડી સાંજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવા પડ્યા હતા. જે પૈકી ત્રણની હાલત ગંભીર હતી અને અર્ધ બેભાન હાલતમાં હતા.

મોટી આદરજ ગામમાં રહેતુ એક ઠાકોર પરિવાર બહારગામ જવા નીકળ્યુ હતુ. ગાંધીનગર એસ.ટી. ડેપોમાં બસની રાહ જોઈ રહ્યું હતું. પરંતુ બસને આવવામાં વધુ સમય બાકી હોવાથી તે પરિવારના બે બાળકો તથા પાંચ મહિલાઓ પાણીપુરી આરોગવા માટે ડેપો બહાર ઘ-૩ સર્કલે પાણીપુરીની લારીએ પહોંચ્યા હતા. લારીમાં પકોડી ખાધા બાદ થોડીવાર રહીને તે તમામને ઝાડા-ઉલ્ટી થવા લાગી હતી. ફૂડ પોઈઝનીંગની અસર થતા જ બે બાળકો સહીત સાતેયને ગાંધીનર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવા પડ્યા હતા.

સાત પૈકી ત્રણ જણાની સ્થિતિ ગંભીર હતી અને અર્ધ બેભાન અવસ્થામાં હતા. પાંચ વર્ષના બે બાળકો દિપ્તી બી. ઠાકોર અને સુમીત્રા એમ. ઠાકોર બન્નેને પીડિયાટ્રીશીયન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે પરિવારની અન્ય પાંચ મહિલાઓ ૩૦ વર્ષિય ભાવનાબેન બી. ઠાકોર, ૨૩ વર્ષિય પીન્કીબેન બી. ઠાકોર, ૨૫ વર્ષિય બાલુબેન એસ. ઠાકોર, ૨૨ વર્ષિય શિલ્પાબેન બી. ઠાકોર અને વિણાબેન ઠાકોરને ફીમેલ મેડીકલ વોર્ડમાં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી હતી.

# ૨૦મીના વાવાઝોડાથી જિલ્લામાં ૭૦ હજારનું નુકશાન

ગાંધીનગર, તા.૨૨

૨૦મી એપ્રિલે ગાંધીનગર જિલ્લામાં આંધી સાથે થયેલા કમોસમી વરસાદને કારણે રૂ. ૭૦ હજારની મત્તાનું નુકશાન થયાના પ્રાથમિક અહેવાલો છે.

પંચાયત વિભાગ દ્વારા ઉતાવળે કરાયેલા સર્વે મુજબ દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બે થી ૩ જેટલી દિવાલો પડી જવાની તથા ૧૦થી વધુ કાચા મકાનોના છાપરા ઉડી જવાને કારણે આ નુકશાન ૭૦ હજાર જેટલું થવા જાય છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ આંધીને કારણે વૃક્ષો ધરાશયી થવાની ઘણી ઘટનાઓ બહાર આવી છે. ૧૦૦થી વધુ વૃક્ષો પડી ગયા છે. આ અંગે વન વિભાગ દ્વારા અલગથી સર્વે કરવામાં આવી રહ્યો છે.

આંધી અને વાવાઝોડાને લઈ થયેલા નુકશાન બાદ સરકારે હજુ કઈ સહાય અંગેની જાહેરાત કરી નથી પરંતુ આ સપ્તાહના અંત સુધીમાં રાજયભરમાંથી અહેવાલ મળ્યા બાદ કદાચ કોઈ નિર્ણય લેવામાં આવે તેવી શકયતાઓ છે.





ગાંધીનગર જી.આઈ.ડી.સી. ખાતે પંજાબ ઓટોમોટીવ ગૃપ દ્વારા મહેન્દ્રા ટુ-વ્હીલર્સનું લોન્ચીંગ મંગળવારે સવારે સંખ્યાબંધ શુભેચ્છકોની હાજરીમાં થયું હતું. ગાંધીનગરના વિકાસની સાથે ટુ-વ્હીલર્સના શૉ-રૂમમાં વધુ એક ઉમેરો થયો છે. આ પ્રસંગે મહિન્દ્રા કંપની દ્વારા નવી ૧૧૦ સી.સી.ની બાઈક 'સેન્ચુરો-એન-૧' પણ બજારમાં મુકવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com